1. ચાણક્ય અને મૅગેસ્થનીસે કયા કયા ગ્રંથો લખ્યા હતા? મૅગેસ્થનીસ કોણ હતો?

➢ ચાણક્ય 'અર્થશાસ્ત્ર' અને મૅગેસ્થનીસે ઇન્ડિકા નામના ગ્રંથો લખ્યા હતા. મેંગેચનીસ ચંદ્રગુપ્તના દરબારમાં સેલ્યુકસનો હતો.

2. ચંદ્રગુપ્ત મૌર્યના અનુગામી રાજા તરીકે પાટલિપુત્રની ગાદીએ કોણ આવ્યું હતું? તેણે કેટલાં વર્ષ શાસન કર્યું હતું?

➢ ચંદ્રગુપ્ત મૌર્યના અનુગામી રાજા તરીકે પાટલિપુત્રની ગાદીએ તેનો પુત્ર બિન્દુસાર આવ્યો હતો. તેણે 26 વર્ષ શાસન કર્યું

3. ચંદ્રગુપ્ત મૌર્ય, બિન્દુસાર અને સમ્રાટ અશોક મુખ્યમંત્રીઓ કોણ કોણ હતા?

➢ ચંદ્રગુપ્ત મૌર્યનો મુખ્યમંત્રી કૌટિલ્ય (ચાણક્ય) હતો. (2) કૌટિલ્ય (ચાણક્ય) થોડા સમય સુધી બિન્દુસારનો મુખ્યમંત્રી પણ રહ્યો હતો, ત્યારબાદ ખલ્લાકે મુખ્યમંત્રી પદે નિમાયો હતો. (3) સમાં અશોકના મુખ્યમંત્રીનું નામ 'રાધાગુપ્ત' હતું.

4. સમ્રાટ અશોકે મૌર્ય સામ્રાજયમાં નિર્માણ કરાવેલ સ્તૂપોમાં કયો સૂપ સૌથી પ્રસિદ્ધ છે?

➢ સમ્રાટ અશોકે મૌર્ય સામ્રાજયમાં નિર્માણ કરાવેલ સ્તુપોમાં સાંચીનો સૂપ સૌથી પ્રસિદ્ધ છે.

5. સમ્રાટ અશોકે કેવા ધર્મ ઉપર ભાર મૂક્યો હતો? તેણે કયા ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો?

➢ સમ્રાટ અશોકે 'માનવધર્મ' કે 'માનવતા' ઉપર ભાર મૂક્યો હતો. તેણે બોદ્ધ ધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો.

6. સમ્રાટ પ્રિયદર્શી અશોકના અવસાન બાદ પાટલિપુત્રની રાજગાદીએ ક્યો રાજા આવ્યો હતો?

➢ સમ્રાટ પ્રિયદર્શી અશોકના અવસાન બાદ પાટલિપુત્રની રાજગાદીએ રાજા કુણાલ આવ્યો હતો.

7. મૌર્ય સામ્રાજયનો અંતિમ સમાટ કોણ હતો? તેના શાસનનો અંત શાથી આવ્યો હતો?

➢ મૌર્ય સામ્રાજયનો અંતિમ સમ્રાટ બ્રહદ્રથ હતો. તેના નિર્બળ શાસન દરમિયાન તેના બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્ર શુંગે લશ્કર ની પરેડ જોવાના બહાને સમ્રાટને બોલાવી તેની હત્યા કરી હતી. આ રીતે પુષ્યમિત્રે મુંગે મોર્યવંશનો અંત આણ્યો અને મગધની ગાદી પર શુંગવંશની સ્થાપના કરી.

8. મૌર્ય સામ્રાજયના કુલ કેટલા પ્રાંતો હતા? કયા ક્યા? એ દરેકનું પાટનગર કર્યું હતું? .

➢ મૌર્ય સામ્રાજયના કુલ પાંચ પ્રાંતો હતા : 1. મગધ : પાટનગર પાટલિપુત્ર, 2. અવંતિ : પાટનગર ઉજ્જૈન, 3. કલિંગ : પાટનગર તૌસાલી, 4. ઉત્તરાપથ : પાટનગર તક્ષશિલા અને 5. દક્ષિણાપથ : પાટનગર સુવર્ણગિરિ.

9. મોર્ય શાસનવ્યવસ્થામાં જિલ્લા અને તાલુકાને કયા નામે ઓળખવામાં આવતા હતા? તેમના ઉપરીને શું કહેવામાં આવતો હતો?

- મૌર્ય શાસનવ્યવસ્થામાં જિલ્લાને 'આહાર' અને તાલુકાને સ્થાનીય નામે ઓળખવામાં આવતા હતા. 'આહાર'ના ઉપરીને 'રાજૂક' કે 'આહારપતિ અને "સ્થાનીય" (તાલુકા) ના ઉપરીને સ્થાનિક કહેવામાં આવતો હતો.

### 10.ચંદ્રગુપ્ત મૌર્યે ધનાનંદ પર કઈ રીતે આક્રમણ કર્યું હતું?

- આચાર્ય ચાણક્યના માર્ગદર્શન અને પંજાબના રાજા પર્વતની સહાયથી ચંદ્રગુપ્ત મૌર્ય મગધનરેશ ધનાનંદ પર આક્રમણ કર્યું હતું.

### 11.ચંદ્રગુપ્ત સેલ્યુકસ નિકેતરને હરાવી કયા પ્રદેશો મેળવ્યા હતા?

- ચંદ્રગુપ્ત સેલ્યુકસ નિકેતરને હરાવી કાબુલ, કંદહાર, હેરાત અને બલુચિસ્તાનના પ્રદેશો મેળવ્યા હતા.

### 12.સમ્રાટ અશોકે કયા ક્યા બૌદ્ધ તીર્થધામોની યાત્રા કરી હતી ?

- સમ્રાટ અશોકે લુમ્બિની વન, કપિલવસ્તુ, શ્રાવસ્તી, સારનાથ, બોધિગયા, કુશીનારા, જેતવન વગેરે બૌદ્ધ તીર્થધામોની યાત્રા કરી હતી.

### 13.સમ્રાટ અશોકે જયા સિદ્ધાંતો પર ભાર મુક્યો હતો?

- સમ્રાટ અશોકે ગૌતમ બુદ્ધના પ્રેમ, દયા, કરુણા, અહિંસા, અનુકંપા વગેરે સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો.

### 14.અશોકની ધર્મભાવનામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- અશોકની ધર્મભાવનામાં બિનસાંપ્રદાયિકતા, ધાર્મિક સહિષ્ણુતા, અહિંસા, પવિત્ર અને નીતિમય જીવન, પ્રેમ, સહકાર, દાન, પરોપકાર, વડીલો પ્રત્યે આદરભાવ વગેરેનો સમાવેશ થાય છે.

### 15.રાજા કયાં મુખ્ય કાર્યો કરતો હતો?

- સામ્રાજ્યના વિવિધ ભાગોમાં શાંતિ અને સલામતી જાળવવી, પ્રજાને આબાદ અને સુખી બનાવવી, લશ્કરનું નેતૃત્વ સંભાળવું, ન્યાય આપવો, ધમજ્ઞાઓ બહાર પાડવી વગેરે રાજાનાં મુખ્ય કાર્યો હતાં.

### 16.ઇતિહાસકારો મૌર્ય સામ્રાજ્યના પતન માટે કોને જવાબદાર ગણે છે?

- ઇતિહાસકારો સમ્રાટ અશોકની યુદ્ધવિરોધી, શાંતિમય અને અહિંસક નીતિને મૌર્ય સામ્રાજયના પતન માટે જવાબદાર ગણે છે.

### 17.અભિલેખોમાં શેનો સમાવેશ થાય છે?

- અભિલેખોમાં (1) શિલાલેખો, (2) સ્તંભલેખો અને (3) ગુફાલેખોનો સમાવેશ થાય છે.